**ક્રિ.કેસ નં.૫૦૨/૨૦૧૪**

**કોટડાસાંગણીના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની અદાલતમાં,**
**મુ.–કોટડાસાંગાણી, જિ.રાજકોટ.**

**આંક–૦૧ લગત હુકમ**

---

**(૧)...** આ કામના આરોપી/ઓ વિરુધ્ધ ત.ક.અમલદાર દ્રારા **કોટડાસાંગાણી પોલીસ સ્ટેશન પ્રોહી.ગુ.ર.નં. ૫૦૬૧/૨૦૧૧ થી પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧** મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે રેકર્ડ જોતાં ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપી/ઓ ને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ તેમ છતાં તેઓ અત્રેની કામે કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી આરોપી/ઓ સામે ધરપકડ વોરંટ પણ ઈસ્યુ કરવામાં આવેલ છે ત્યારબાદ સદર કામે લાંબા સમયથી આરોપી/ઓ સાથે ધરપકડ વોરંટ ઈસ્યુ કરેલ હોવા છતાં પણ તેઓ મળી આવેલ નથી તેમજ ઉપરોકત આરોપી/ઓ નજીકના સમયમાં પણ મળી આવવાની શકયતા નથી.

**(૨)...** સદર કેસનું રેકર્ડ વંચાણે લેતાં તપાસ એજન્સી દ્રારા આ કામના આરોપી/ઓ ને પ્રોસેસની અસરકારક બજવણી કરાવી શકેલ નથી. હાલના આરોપી/ઓ ગુજરાત રાજય બહારનો વતની છે જેથી ભવિષ્યમાં પણ તેની મળી આવવાની શકયતા જણાતી નથી ત્યારે આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ ની જોગવાઈઓ વંચાણે લેતાં જે નીચે મુજબ છે.

કલમ–૨૫૮ :– કેટલાક પ્રસંગમાં કાર્યવાહી બંધ રાખવાની સતા.

ફરીયાદ ઉપરથી હોય તે સીવાય માંડેલા કોઈ સમન્સ કેસમાં પહેલા વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની પુર્વ મંજુરી લઈને બીજા કોઈ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ પોતે લેખીત કારણોસર કોઈ ફેંસલો સંભળાવ્યા વિના કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ કરી શકશે અને મુખ્ય સાક્ષીઓનો પુરાવો નોંધાવામાં આવ્યા પછી એવી રીતે કાર્યવાહી બંધ કરવામાં આવી હોય ત્યારે નિદોર્ષ ઠરાવ્યાનો ફેંસલો સંભળાવી શકશે અને બીજા કોઈ પ્રસં ગે આરોપીને છોડી દઈ શકશે અને આની અસર છુટકારાની છોડી મુકવા જેવી થશે.

**(૩)...** નામદાર સુપ્રિમ કોર્ટના પી.આર.રાવ વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના જી.એલ.આર.૨૦૦૨, ૧૫૪૯, તેમજ ૨૦૦૯ ક્રિ.લો.જ.૨૨૪૫, રેણુકા વિરુધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકના ચુકાદામાં પ્રસ્થાપિત સિંઘ્ધાંતોને ઘ્યાને લીધા. તેમજ ઉપરોકત તમામ બાબતો

ધ્યાને લેતાં, હાલનો કેસ સમન્સ/ સમરી ટ્રાયબલ ગુનો છે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ તે ક્રિ. પ્રો.કોડની કલમ–૩૦૭ ને વંચાણે લેતાં, આરોપી/ઓ ઘણા સમયથી મળી આવતા ન હોય, કેસ સમન્સ/સમરી ટ્રાયબલ હોય, ઉપર જણાવેલ સંજોગો અનુસાર કામ આગળ ચલાવવાનું ઈષ્ટ જણાતું નથી. હાલના કેસની હકીકતે જોઈએ તો આકામના આરોપી/ઓ ગેરહાજર રહેતા તેમની વિરુધ્ધ ધરપકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવેલ તેમજ તેની વિરુધ્ધ અવારનવાર પ્રોસેસ વોરંટો કાઢવામાં આવેલા છે તેમ છતાં પોલીસ દ્વારા પ્રોસેસની બજવણી કરી આરોપી/ઓ ને આજદિન સુધી ન્યાયીક કાર્યવાહી માટે હાજર રાખવા પ્રોસેસ બજાવવામાં આવેલ નથી. આરોપી/ઓ ની સામે જે ગુનાનો આક્ષેપ છે તે ગુનાની જોગવાઈ ધ્યાનમાં લેવી જરૂરી છે. હાથપરના કેસમાં ફરીયાદીની ફરીયાદ અને ચાર્જશીટ જોતાં સદર ગુનો સમન્સ ટ્રાયબલ હોય અને હાલની પરિસ્થિતિમાં અત્રેની અદાલતમાં કેસનું ભારણ ધ્યાને લેતાં હાલનો કેસ ખુબ જુનો હોય નજીકના ભવિષ્યમાં આરોપી/ઓ મળી આવવાની કે આરોપી/ઓ ની ગેરહાજરીમાં કેસની ટ્રાયલ ચાલ્યા બાદ પણ પ્રોસિક્યુશનને ફળદાયી પરિણામ આવવાની શકયતા નહિવત જણાય છે ત્યારે ન્યાયના હિતમાં આ તબકકે આરોપી/ઓ સામેની હાલની કાર્યવાહી પડતી મુકી અને કામ ફેસલ કરવાનું યોગ્ય જણાતું હોય તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ ::</u>–**

(૧) આ કામના આરોપી/ઓ સામેના **પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી, ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧** મુજબના ગુના અન્વયે ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૮ મુજબની કેસ કાર્યવાહી બંધ કરી, કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલના કેસમાં આરોપી/ઓ ના જામીન ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈને આધિન રહેશે.

(૩) જો ભવિષ્યમાં આરોપી/ઓ મળી આવે તો પ્રોસીકયુશનનો કેસ ફરી રીસ્ટોર કરવા હકક અબાધિત રાખવામાં આવે છે.

(૪) આથી ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૨૫૮ અન્વયે હાલના આરોપી/ઓ સામેની કાર્યવાહી પડતી મુકી સબબ કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) વધુમાં આરોપી/ઓ જયારે મળી આવે ત્યારે તેઓની સામે ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદપક્ષને ભારતીય ફોજદારી કાર્યવાહી ધારાની કલમ–૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

(૬) વધુમાં આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે અગાઉ જો અગાઉ હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવેલ છે અને અન્યથા બાકી રહેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નીકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૧/૦૭/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગ જજ તરીકે વાંચી સંભાળાવી જાહેર કર્યો.

તારીખ:–૧૧ /૦૭ /૨૦૨૬

સ્થળ :– કોટડા સાંગાણી.

(કૃણાલ બીપીનચંદ્ર ભાવસાર)
જયુડી.મેજી.ફ.ક.,કોટડાસાંગાણી.
U.I.C. No.GJ01755